**DIVYA BHASKAR**, WEDNESDAY, FEBRUARY 13, 2019

# જાહેર નોટીસ

**અમદાવાદ ખાતેની માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષ**

**સીએ (સીએએ) નં. ૧૦/એનસીએલટી/એએચએમ/૨૦૧૯**

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં;

અને

કલમ પ૨ની સાથે વંચાતી કલમ ૨૩૦થી ૨૩૨ની તથા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની લાગુ અન્ય જોગવાઈઓની બાબતમાં;

અને

રીલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ અને જિયો ડિજીટલ ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ અને રીલાયન્સ જિયો ઈન્ફ્રાટેલ પ્રાઈવેટ લિમિટેડ તથા તેમના સંબંધિત શેરધારકો અને લેણદારો વચ્ચેની પ્રબંધનની સંયોજિત યોજના (કમ્પોઝિટ સ્કીમ ઑફ અરેન્જમેન્ટ)ની બાબતમાં;

અને

અહીં જણાવેલ બાબતોમાં;

**રીલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ**
સીઆઈએનઃ યુ૭૨૯૦૦જીજે૨૦૦૭પીએલસી૧૦૫૮૬૯
રજીસ્ટર્ડ ઑફિસઃ ઑફિસ - ૧૦૧, સેફોન, સેન્ટર પોઈન્ટ નજીક,
પંચવટી પાંચ રસ્તા, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટેલિઃ ૦૭૯૩૫૬૦૦૧૦૦
ઈ-મેઇલ આઇડીઃ ઉંશજ્ઞ.ઇંક્ષધ્યતર્જ્ઞિથ્યિહકર્શિજ્ઞક્ષતડશિ.ભજ્ઞળ
વેબસાઇટઃ www.jio.com

**....અલગ થયેલી કંપની/તબદીલી કરનાર કંપની**

**જિયો ડિજીટલ ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ**
સીઆઈએનઃ યુ૬૪૨૦૦જીજે૨૦૧૮પીટીસી૧૦૫૬૫૫
રજીસ્ટર્ડ ઑફિસઃ ઑફિસ - ૧૦૧, સેફોન, સેન્ટર પોઈન્ટ નજીક,
પંચવટી પાંચ રસ્તા, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટેલિઃ ૦૭૯૩૫૬૦૦૧૦૦

**....પરિણામી કંપની**

**રીલાયન્સ જિયો ઈન્ફ્રાટેલ પ્રાઈવેટ લિમિટેડ**
સીઆઈએનઃ યુ૬૪૨૦૦જીજે૨૦૧૩પીટીસી૧૦૫૮૭૦
રજીસ્ટર્ડ ઑફિસઃ ઑફિસ - ૧૦૧, સેફોન, સેન્ટર પોઈન્ટ નજીક,
પંચવટી પાંચ રસ્તા, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટેલિઃ ૦૭૯૩૫૬૦૦૧૦૦

**....તબદીલીથી લેનાર કંપની**

**(જે અહીંયા આગળ ઉપર ભેગી મળીને "અરજીકર્તા કંપનીઓ" તરીકે સંદર્ભિત થશે)**

**અલગ થયેલી કંપની/તબદીલી કરનાર કંપનીનીના સુરક્ષિત લેણદારો (સુરક્ષિત ડિબેન્ચરધારકો સહિત), અસુરક્ષિત લેણદારો (અસુરક્ષિત ડિબેન્ચરધારકો સહિત), પ્રાથમિકતા ધરાવતા શેરધારકો અને ઈક્વિટી શેરધારકોની બેઠકની નોટીસની જાહેરખબરમાં ઉમેરો**

અલગ થયેલી કંપની/ તબદીલી કરનાર કંપનીએ માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ ખંડપીઠના ૧૧ જાન્યુઆરી, ૨૦૧૯ના આદેશના સંદર્ભમાં સોમવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ તેના સુરક્ષિત લેણદારો (સુરક્ષિત ડિબેન્ચરધારકો સહિત), અસુરક્ષિત લેણદારો (અસુરક્ષિત ડિબેન્ચરધારકો સહિત) અને પ્રાથમિકતા ધરાવતા શેરધારકો અને ઈક્વિટી શેરધારકોની બેઠક યોજવા સંબંધે ૧૨ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ એક નોટીસ જાહેર કરી હતી.

આ સંબંધેની નોટીસ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૯ના સમાચારપત્રોમાં પ્રકાશિત પણ થઈ હતી.

અરજીકર્તા કંપનીઓએ રીલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ અને જિયો ડિજીટલ ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ અને રીલાયન્સ જિયો ઈન્ફ્રાટેલ પ્રાઈવેટ લિમિટેડ તથા તેમના સંબંધિત શેરધારકો અને લેણદારો ("સ્કીમ") વચ્ચેની પ્રબંધનની સંયોજિત યોજનામાં આ યોજનાની કલમ ૨૮.૧ના સંદર્ભમાં એ મુજબનો સુધારો કર્યો છે કે, પરિણામી કંપની અને તબદીલીથી લેનાર કંપનીએ અલગ થયેલી કંપની અને તબદીલી કરનાર કંપનીના શેરધારકોને અનુક્રમે અલગ થયેલાં ઉપક્રમના ડીમર્જર *(યોજનામાં વ્યાખ્યાયિત થયા મુજબ)* તથા તબદીલ થયેલ ઉપક્રમની તબદીલી *(યોજનામાં વ્યાખ્યાયિત થયા મુજબ)* માટે પ્રેફરન્સ શેર સ્વરૂપે ક્ષતિપૂર્તિનો તેમની ઈચ્છા મુજબનો હિસ્સો પ્રાપ્ત કરવાનો વિકલ્પ પૂરો પાડવો જોઈએ. આ યોજના અનુસાર એકંદર ક્ષતિપૂર્તિની પરિકલ્પનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. સુધારેલી યોજનાના મુસદ્દાને અલગ થયેલી કંપની/તબદીલી કરનાર કંપનીની વેબસાઈટ www.jio.com પર મુકવામાં આવેલ છે અને તે અરજીકર્તા કંપનીની રજીસ્ટર્ડ ઑફિસ અથવા તેમના એડવોકેટ્સ ઠક્કર એન્ડ પાહવા, ૭૧, ન્યૂ યોર્ક ટાવર-એ, મુક્તિધામ દેરાસરની સામે, થલતેજ ચાર રસ્તા, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪ સ્થિત ઑફિસ ખાતેથી વિના મૂલ્યે તમામ કાર્યદિવસોએ (એટલે કે, શનિવાર, રવિવાર અને જાહેર રજાઓના દિવસો સિવાય) સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન મીટિંગની તારીખ સુધીમાં પ્રાપ્ત થઈ શકશે.

તારીખ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯

સહી/-
જ્યોતિ જૈન
અરજીકર્તા કંપનીના અધિકૃત હસ્તાક્ષરકર્તા